# અંભેટી કેવીકેમાં પી.એમ. કિસાન ઉત્સવ દિવસની ઉજવણી

**જિલ્લાના ખેડૂતોને કિસાન સન્માન નિધિના ૨૦મા હપ્તા અંતર્ગત રૂ. ૩૪ કરોડથી વધુની સહાય : મંત્રી કનુભાઈ**





(દમણગંગા ટાઈમ્સ)

ધરમપુર, તા. ૦૩ : નાણાં, ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રી કનુભાઈ દેસાઈના અધ્યક્ષસ્થાને વલસાડ જિલ્લાના કપરાડા તાલુકાના અંભેટી ખાતે આવેલા કૃષિ વિજ્ઞાન કેન્દ્ર ખાતે જિલ્લા કક્ષાના પી.એમ. કિસાન ઉત્સવ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના હસ્તે ઉત્તરપ્રદેશના વારાણસી ખાતેથી પી.એમ. કિસાન સન્માન નિધિ યોજના અંતર્ગત દેશના ખેડૂતોના બેંક ખાતામાં ડીબીટી માધ્યમથી ૨૦મો હપ્તો જમા કરાવાના કાર્યક્રમ અંતર્ગત આ જિલ્લા કક્ષાનો કાર્યક્રમ યોજાયો હતો. સાથે સાથે ગાંધીનગર ખાતેથી મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલના અધ્યક્ષસ્થાને યોજાયેલા રાજય કક્ષાના કાર્યક્રમમાં ગુજરાતના ૫૨.૧૬ લાખથી વધુ ખેડૂત કુટુંબોને રૂ. ૧૧૧૮ કરોડથી વધુની સહાયનું સીધું બેંક ખાતાઓમાં વિતરણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમોનું લાઈવ પ્રસારણ કાર્યક્રમમાં ઉપસ્થિત તમામ લોકોએ નિહાળ્યું હતું.

કિસાન ઉત્સવ દિવસની ઉજવણી પ્રસંગે મંત્રી કનુભાઈ દેસાઈએ જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રી અને તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ જ્યારે ગુજરાતનું સુકાન સંભાળ્યું હતું ત્યારે ગુજરાતના વિકાસ માટે અનેકવિધ કાર્યો કર્યા હતા. રોજગારી વધારવા વાયબ્રન્ટ ગુજરાતની શરૂઆતથી દેશ દુનિયાના રોકાણકારો ગુજરાત તરફ આકર્ષાયા જેનાથી ગુજરાતનો ઔદ્યોગિક વિકાસ સમગ્ર દેશમાં સૌથી વધુ થયો છે. શિક્ષણક્ષેત્રે વધુ પ્રગતિ કરવા શાળા પ્રવેશોત્સવ, આદિવાસીઓના વિકાસ માટે વનબંધુ યોજના અને સાગરખેડુઓના વિકાસ માટે સાગરખેડુ યોજનાની શરૂઆત કરાવી હતી. તેમણે પ્રધાનમંત્રી બન્યા બાદ ખેડૂતો માટે અનેકવિધ કાર્યો કર્યા છે. કિસાન ક્રેડિટ કાર્ડ હેઠળ કિસાનો અને માછીમારોને રૂ. ૩ લાખની વિનામૂલ્યે લોનની શરૂઆત કરાવી હતી. હવે આ સહાય વધારીને રૂ. ૫ લાખ સુધીની કરવામાં આવી છે.

વધુમાં મંત્રીએ કહ્યું હતું કે, 'ખેડૂત જગતનો તાત છે' એ ઉક્તિને ખરા અર્થમાં ઉજાગર કરવા માટે પ્રધાનમંત્રીએ પી.એમ. કિસાન ઉત્સવ દિવસની ઉજવણી કરવાની શરૂઆત કરાવી છે. આ અંતર્ગત વલસાડ જિલ્લાના ખેડૂતોને પણ આશરે રૂ. ૩૪ કરોડની સહાય મળી રહી છે. આ સહાય ખેડૂતો માટે અત્યંત લાભદાયી નીવડી છે. સમગ્ર દેશમાં લગભગ ૮૦ કરોડ લોકોને વિનામૂલ્યે અનાજ પૂરું પાડવામાં આવી રહ્યું છે જે દેશના ખેડૂતોને આભારી છે.

મુખ્યમંત્રીના ખેડૂતોના વિકાસના પ્રયાસો અંગે જણાવતા મંત્રીશ્રીએ કહ્યું હતું કે, ગુજરાતના ખેડૂતોને હવે માત્ર ૭/૧૨ માં નામ હોવા માત્રથી ખેતીવાડીનું વીજ કનેક્શન વિના વિક્ષેપે મળી મળી રહે તેવું મુખ્યમંત્રીએ આયોજન કર્યું છે. સંપૂર્ણ ગાય આધારિત ખેતી કરતા ખેડૂતોને મહિને રૂ. ૯૦૦/-ની સહાય આપવામાં આવે છે. પ્રાકૃતિક ખેતીની વ્યાપ વધારવામાં મહામહિમ રાજ્યપાલ આચાર્ય દેવવ્રતનો મહત્વનો ફાળો છે. ગુજરાત કૃષિક્ષેત્રની સાથે સાથે શ્વેતક્રાંતિમાં દેશમાં પ્રથમ ક્રમાંકે છે જેનો શ્રેય ગુજરાતની મહિલાઓને જાય છે.

જિલ્લા કક્ષાના કાર્યક્રમમાં મહાનુભાવોના હસ્તે વિવિધ ખેતીવાડી યોજનાના લાભાર્થી ખેડૂતોને પૂર્વ મંજુર સહાય હુકમોનું વિતરણ કરવામાં આવ્યું હતું. કિસાન સન્માન નિધિના લાભાર્થી ખેડૂતોએ તેમની સાફલ્ય ગાથા રજૂ કરી હતી.

ઉજવણી પ્રસંગે ધરમપુર ધારાસભ્યશ્રી અરવિંદભાઈ પટેલ અને કપરાડા ધારાસભ્યશ્રી જીતુભાઈ ચૌધરીએ કિસાનોને સરકારી યોજનાઓથી અવગત કરાવતા પ્રાસંગિક ઉદબોધનો કર્યા હતા. કાર્યક્રમમાં જિલ્લા પંચાયત પ્રમુખ મનહરભાઈ પટેલ, વલસાડ જિલ્લા કલેકટર ભવ્ય વર્મા (I.A.S), જિલ્લા વિકાસ અધિકારી અતિરાગ ચપલોત, ધરમપુર પ્રાંત અધિકારી આર.સી.પટેલ, તાલુકા વિકાસ અધિકારી આનંદ પટેલ, જિલ્લા ખેતીવાડી અધિકારી એ.કે. ગરાસીયા, અંભેટી કૃષિ વિજ્ઞાન કેન્દ્રના અધિકારી કર્મચારીઓ અને મોટી સંખ્યામાં ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા.